# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શતસહસ્ર પ્રણામ!

ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા વચ્ચે અવિનાભાવ સંબંધ છે. શ્રીકૃષ્ણ તો અનંત છે, તેમના વ્યક્તિત્વનાં અનંત પાસાં છે. આ સર્વ પાસાંઓમાં પ્રધાન પાસું કયું છે? ગીતાના ગાયક શ્રીકૃષ્ણ! શ્રીમદ્ ભગવદ્‌ગીતા આપીને ભગવાન શ્રીકૃષ્ણે ભારતને, ભારતીય અધ્યાત્મવિદ્યાને, સનાતનધર્મને અને ભારતીય સંસ્કૃતિને જે પ્રદાન કર્યું છે, તે અદ્વિતીય છે.

ભગવાન શ્રીકૃષ્ણ બંસીવાદન પણ કરી શકે છે અને સુદર્શન પણ ધારણ કરી શકે છે. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકાનગરીની સંસ્થાપના પણ કરી શકે છે અને અર્જુનના રથના સારથિ પણ બની શકે છે.

અમે તો 'શ્રીકૃષ્ણ' એટલું જ બોલીએ તો અમારા રોમેરોમ પ્રેમ અને આનંદ ઝણઝણી ઊઠે છે. કૃષ્ણ એટલે પ્રેમ અને આનંદ! અને ગીતા? ગીતાનો મહિમા કેવો અને કેટલો?

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तारेः ।

આપણા સનાતન ધર્મના બે જ ગ્રંથો આગળ 'શ્રીમદ્' શબ્દ લાગે છે.

૧. શ્રીમદ્ ભગવદ્‌ગીતા

૨. શ્રીમદ્ ભાગવત

પ્રથમ ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણની વાણી છે.

દ્વિતીય ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું કથન છે.

આવા છે અમારા શ્રીકૃષ્ણ!

અને આવી છે અમારી શ્રીમદ્ ભગવદ્‌ગીતા.

કોઈ વાચકને પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે આ ગ્રંથમાં બે વિષય છે - શ્રીકૃષ્ણ અને ગીતા અને અમે આ ગ્રંથનું નામ પણ એવું જ આપ્યું છે - શ્રીકૃષ્ણ અને ગીતા.

આમ છતાં અમારા હૃદયનો ભાવ એવો છે કે આ ગ્રંથમાં બે વિષયો નથી. એક જ વિષય છે. શ્રીકૃષ્ણ અને ગીતા જુદાં જુદાં નથી. શ્રીકૃષ્ણ ગીતા છે અને ગીતા શ્રીકૃષ્ણ!

અને યાદ રહે!

ગીતાનું ખરું નામ છેઃ

'શ્રીમદ્ ભગવદ્ગીતા'.

આ સમાસને બે રીતે સમજાવી શકાય છે. ૧. ભગવાને કહેલી ગીતા. ૨. ભગવદ્ સ્વરૂપિણી ગીતા.

ભગવાન શ્રીકૃષ્ણ અવતારવરિષ્ઠ છે અને શ્રીમદ્ ભગવદ્ગીતા ગ્રંથવરિષ્ઠ છે.

સનાતન ધર્મમાં પ્રસ્થાનત્રયી છે. પ્રસ્થાનત્રયીમાં ત્રણ પ્રસ્થાન ગ્રંથો છે.

૧. ઉપનિષદો

૨. બ્રહ્મસૂત્ર

૩. શ્રીમદ્ ભગવદ્ગીતા

બ્રહ્મસૂત્ર ઉપનિષદોની શાસ્ત્રીય મીમાંસા અને શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપનિષદોનો સારભાગ છે.

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत॥

*'સર્વ ઉપનિષદો ગાયો છે. ગાયોને દોહનાર ભગવાન ગોપાલનંદન શ્રીકૃષ્ણ છે. અર્જુન વાછરડો છે અને ગીતારૂપી અમૃત દૂધ છે.'*

શ્રીમદ્ ગીતાનો મહિમા અપરંપાર છે. અનેક રીતે અને અનેક સ્વરૂપે ગીતાનો મહિમા છે. આમ છતાં ગીતાનો સૌથી મોટો મહિમા છે - ગીતા ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી કહેવાયેલી છે.

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અપરંપાર અવતારકૃત્યો થયાં છે. આ સર્વ અવતારકૃત્યોમાં તેમનું સર્વોચ્ચ અવતારકૃત્ય કયું છે?

માનવું ન માનવું, તે તમારી ઇચ્છાની વાત છે, પરંતુ અમે અમારો મત કહીએ છીએ - ભગવાન શ્રીકૃષ્ણનું સર્વશ્રેષ્ઠ અવતારકૃત્ય છે - 'શ્રીમદ્ ભગવદ્ગીતા!'

અહીં આ ગ્રંથમાં શ્રીકૃષ્ણલીલાનાં પ્રકરણો છે અને સાથે સાથે શ્રીમદ્ ભગવદ્ગીતા વિષયક પ્રકરણો છે. અમે ગીતા વિશે પ્રધાનતઃ ગીતાની અધ્યાત્મવિદ્યાનું કથન કર્યું છે.

શ્રીકૃષ્ણ વિશે કલમ ચાલે અને શ્રીમદ્ ભગવદ્ગીતા વિશે કલમ ચાલે, તેમાં અમારી કલમની ધન્યતા છે અને અમારા માટે છે પ્રેમ અને આનંદ!

આ ગ્રંથની રચનામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા સહાય મળી છે. અમે સૌનો આભાર માનીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

સૌને વંદન!

સૌનો આભાર!

**– ભાણદેવ**

*સરસ્વતી નિકેતન આશ્રમ, પટેલ વિદ્યાલય પાસે,*
*જોધપર (નદી) વાયા - મોરબી - ૩૬૩૬૪૨*

# રાસલીલા-રહસ્ય

દશમ સ્કંધ શ્રીમદ્ ભાગવતનું કેન્દ્ર છે. રાસલીલા દશમ સ્કંધનું હૃદય છે. ભગવાન શ્રીકૃષ્ણની અનંત અગણિત લીલાઓ છે. તેમાં રાસલીલા શિરમોર છે. રાસલીલાનું રહસ્ય સમજાય તો કૃષ્ણલીલાનું રહસ્ય સમજાય છે. કૃષ્ણલીલા અગાધ અને ગહન રહસ્યોથી ભરપૂર છે. માનવમન તેનો પાર ન પામી શકે, પરંતુ કૃષ્ણલીલાને કંઈક પામવા માટે, કૃષ્ણલીલાના રહસ્યને અલ્પાંશે પામવા માટે, કૃષ્ણલીલાના રહસ્યભવનમાં સહેજ પ્રવેશ માટે રાસલીલા-રહસ્ય જાણે કે દ્વારસમાન છે.

રાસલીલા એક ઐતિહાસિક ઘટના છે. આ પૃથ્વી પર, આ ભારતવર્ષમાં, વૃંદાવનની પુણ્યભૂમિમાં ક્યારેક ઇતિહાસની કોઈ ક્ષણે રાસક્રીડા રચાઈ હતી. ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની વહાલી ગોપીઓએ ક્યારેક આ વ્રજધામમાં રાસલીલાનું આ મહાનૃત્ય આચર્યું હતું. રાસલીલા કવિઓની મનોકલ્પના નથી. ઐતિહાસિક ઘટના છે.

રાસલીલાના સ્વરૂપને અને તેના રહસ્યને સમજવા માટે આ હકીકતને સતત દૃષ્ટિ સમક્ષ રાખવી જોઈએ કે આ લીલાના અધિનાયક ભગવાન શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ છે. ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણની નિત્યસખીઓ છે, તેમના નિત્યપરિકરો છે. આ મહારાસલીલા સામાન્ય માનવીઓની ક્રીડા નથી, પરંતુ પુરુષોત્તમ અને તેમની નિત્યસંગિનીઓની લીલા છે. સામાન્ય માનવીઓનો આ રાસલીલામાં પ્રવેશ જ નથી. દેવો અને દેવાંગનાઓ પણ આ રાસલીલામાં પ્રવેશ પામવા આતુર રહે છે, પરંતુ પ્રવેશ પામતાં નથી. તેઓ આ રાસલીલાનાં દર્શન પામીને ધન્ય થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની પ્રિયતમા ગોપીઓ દ્વારા રચાયેલી આ મહારાસલીલા એક ઐતિહાસિક ઘટના તો છે જ, પરંતુ શ્રીમદ્ ભાગવત ઐતિહાસિક ગ્રંથ નથી. અહીં માત્ર ઐતિહાસિક ઘટનાઓનું યથાર્થ વર્ણન

નથી. શ્રીમદ્ ભાગવત મૂલતઃ અધ્યાત્મગ્રંથ છે. રાસલીલા ભાવજગતની એક રહસ્યપૂર્ણ ઘટના છે. રાસલીલા ચિન્મયજગતની નિત્ય ચિન્મયી લીલા પણ છે. ભાવજગતની રાસલીલાનો એક અંશ આ પૃથ્વી પર વૃંદાવનમાં ઊતરી આવ્યો છે, જેને આપણે ઐતિહાસિક રાસલીલા ગણીએ છીએ. પૃથ્વી પરની આ રાસલીલા ભાવજગતની રાસલીલાનું ઝાંખું પ્રતિબિંબ છે. શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલી રાસલીલામાં આ ભાવજગતની ચિન્મયી રાસલીલાનાં તત્ત્વો પણ ભળેલાં છે.

શ્રીમદ્ ભાગવતની કથાઓની એક વિશિષ્ટતા છે કે આ કથાઓ આધ્યાત્મિક સત્યોને અભિવ્યક્ત કરનાર માધ્યમો છે. આ કથાઓ સાંકેતિક આધ્યાત્મિક કથાઓ પણ છે. રાસલીલાની કથામાં પણ આવાં આધ્યાત્મિક સાંકેતિક તત્ત્વો છે. રાસલીલાની આ કથા દ્વારા સાંકેતિક પદ્ધતિથી અધ્યાત્મજગતનાં રહસ્યો પણ વ્યક્ત કરવામાં આવે છે. રાસલીલાના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરતી વખતે આ પાસાની પણ અવગણના ન કરવી જોઈએ.

કણ અને બ્રહ્માંડમાં રાધા-કૃષ્ણનું નૃત્ય અવિરત સ્વરૂપે ચાલી રહ્યું છે. આ પણ ભગવાનની રાસલીલાનું એક રૂપ છે. રાસલીલાના વર્ણનમાં આ બ્રહ્માંડીય રાસલીલાનું તત્ત્વ પણ ભળેલું છે, તેથી આ પરિબળની પણ આપણે ઉપેક્ષા ન કરી શકીએ.

આટલી ભૂમિકા ચિત્તમાં રાખીને હવે આપણે ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓની આ દિવ્ય રાસલીલાના રહસ્યાર્થને યત્કિંચિત્ સમજવાનો પ્રયત્ન કરીએ.

ભગવાને ગોપીઓના ચીરનું હરણ કર્યું છે. ચીરહરણલીલા પછી જ ગોપીઓને રાસલીલાનો અધિકાર પ્રાપ્ત થયો છે. ચીરહરણલીલા દ્વારા ગોપીઓના અજ્ઞાનરૂપી આવરણનો સર્વથા ભંગ થયો છે. ગોપીઓનું સમર્પણ પૂર્ણ થયું છે. હવે ભગવાન અને તેમની વચ્ચે કોઈ આવરણ, કોઈ અંતર રહ્યું નથી. ચીરહરણલીલાના દ્વારમાં થઈને ગોપીઓ રાસલીલામાં પ્રવેશ પામી છે.

ભગવાને રાસલીલાનો સંકલ્પ કર્યો છે. रन्तुं मनश्चक्रे योगमाया मुपाश्रितः । યોગમાયાનો આશ્રય કરીને ભગવાને રાસક્રીડાનો સંકલ્પ કર્યો છે. ચીરહરણલીલામાં ગોપીઓના નિઃશેષ સમર્પણથી પ્રસન્ન થઈને ભગવાને તેમને શારદીય રાત્રિઓ દરમિયાન રાસલીલાનું વરદાન આપ્યું. પોતાની વહાલી

ગોપીઓની મનોકામના પૂર્ણ કરવા માટે ભગવાને શરદપૂર્ણિમાની રાત્રિના પ્રારંભે રાસલીલાનો સંકલ્પ કર્યો છે. તે માટે ભગવાને પોતાની યોગમાયાનો આશ્રય કર્યો છે. ભગવાન માયાનો નહીં, પરંતુ યોગમાયાનો આશ્રય કરે છે. માયા અવિદ્યારૂપિણી શક્તિ છે. યોગમાયા વિદ્યારૂપિણી શક્તિ છે. સામાન્ય જીવ માયાથી પ્રેરાઈને વાસનાબદ્ધ બનીને કર્મ કરે છે. ભગવાન પોતાની વિશિષ્ટ શક્તિ યોગમાયા દ્વારા સર્વતંત્રસ્વતંત્ર રહીને લીલાનું આચરણ કરે છે. યોગમાયા ભગવાનને રાસલીલા માટે આવશ્યક સંયોગોનું નિર્માણ કરે છે. ભગવાન યોગમાયાનો આશ્રય કરે છે, તેનો અર્થ એમ કે ભગવાન યોગમાયાને રાસલીલા માટે ઉપયુક્ત સંયોગોનું નિર્માણ કરવા માટે આજ્ઞા કરે છે.

હવે ભગવાન બંસીનાદ દ્વારા ગોપીઓને રાસલીલા માટે આહ્‌વાન કરે છે. પરમાત્મા સનાતન કાળથી અને અનવરત સ્વરૂપે જીવાત્માને પોતાની પાસે બોલાવી રહ્યા છે. પરમાત્મા જીવાત્માને સંકેત કરે છે, ‘ભાઈ! તમારું સાચું સ્થાન અહીં મારા સાંનિધ્યમાં છે. તમે અહીં આવો.’ જીવને પોતાની પાસે બોલાવવા માટે પરમાત્મા જે સાદ કરે છે, તે જ બંસીનાદ છે. ભાગ્યશાળી જીવો પરમાત્મા આ સાદ - બંસીનાદ સાંભળે છે અને પરમાત્મા પાસે જવા માટે આતુર બની જાય છે. આવા જીવો ‘ગોપી’ ગણાય છે. ભગવાનના આહ્‌વાનનો આ અનાહત ધ્વનિ સદૈવ ગુંજતો હોય છે. અહીં આ અનાહત ધ્વનિને ‘બંસીનાદ’ કહ્યો છે. પરમાત્માના આ આહ્‌વાનના બંસીનાદને સાંભળીને જે પરમાત્મા તરફ અબાધિત ગતિથી દોટ મૂકે છે તેને અહીં ‘ગોપી’ કહી છે.

ગોપીઓ પોતાના ગૃહસ્થાશ્રમનાં કર્તવ્યો છોડીને ભગવાન તરફ દોડે છે. ભક્તના ચિત્તમાં અને હૃદયમાં જ્યારે તીવ્ર ભક્તિભાવનો ઉદય થાય છે, તેની ભગવાન તરફની ગતિ અપ્રતિહત બની જાય છે તે વખતે લૌકિક અને વૈદિક બંધનો પણ તેને રોકી શકતાં નથી. ભક્ત (ગોપી) ભગવાન (કૃષ્ણ) પ્રત્યે તીરની જેમ છૂટે છે. ભક્ત લોકાચાર અને વેદાચારની અવગણના કરવા ઇચ્છતા નથી, પરંતુ ભગવાન પ્રત્યેના પ્રેમના વેગને કારણે તેમના દ્વારા લોકાચાર વેદાચારની અવગણના થઈ જાય છે અને સાચા ભગવત્પ્રેમના વેગને કારણે તેમ થાય તો તે દોષ ગણાતો નથી. નારદભક્તિસૂત્રમાં પણ આમ કહ્યું છેઃ

लोकबन्धमुन्मूलयति

(ना.भ.सू. ४७)

'લૌકિક બંધનને તોડી નાખે છે.'

वेदानपि संन्यस्यति, केवलमविच्छिन्नानुरागं लभते

(ना.भ.सू. ४९)

*'વેદોનો પણ ત્યાગ કરે છે, માત્ર અખંડ, અસીમ ભગવત્પ્રેમ પ્રાપ્ત કરી લે છે.'*

ગોપીઓ જે જે કર્મો કરી રહી હતી તે કર્મોનો તે ક્ષણે ત્યાગ કરીને ભગવાન પ્રત્યે ગતિ કરે છે. અમે આટલાં કર્તવ્યો પૂરાં કરી લઈએ, પછી ભગવાન તરફ ગતિ કરીશું' તેમ વિચારનાર અને કહેનાર ભગવાન પ્રત્યે ગતિ કરી શકે નહીં, કારણ કે લૌકિક કર્તવ્યોનો અંત નથી.

यदहरेव विरजेत तदहरेव प्रवजेत् - આ આદેશ છે. કર્તવ્યો પૂરાં કરીને નહીં વૈરાગ્ય પ્રગટે કે તરત ભગવાન તરફ ગતિ કરવાની છે.

ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતાના ભક્તોને તે જ આદેશ આપે છેઃ

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

- *ગીતા;* ૧૮, ૬૬

*'બધા ધર્મો છોડીને મારે એકને શરણે આવે.'*

ગોપીઓ પોતાના પતિ, પુત્રો આદિને છોડીને ભગવાન પાસે જવા માટે નીકળે છે ત્યારે વસ્તુતઃ તેઓ ભગવાનના આ - હવે પછી કહેવાશે તે - આદેશનું જ પાલન કરે છે.

જેમને ભગવાન પણ જોઈએ અને બીજું બધું પણ જોઈએ, તેમના માટે ભગવાનનો માર્ગ નથી. ભગવાનનો માર્ગ, 'મારે બીજું કશું જોઈએ નહીં, માત્ર ભગવાન જ જોઈએ' એમ કહેનાર માટે જ છે. ગોપીઓએ આ માર્ગ પસંદ કર્યો છે.

ભગવાન પાસે પહોંચ્યા પછી પણ ભગવાન નાણે છે, ગોપીઓને પાછાં ફરી જવા સમજાવે છે, પરંતુ જેમની પાસે પાછાં ફરવાનો, ભગવાન સિવાય અન્ય પસંદગીનો વિકલ્પ જ ન હોય તેઓ પાછાં ફરીને ક્યાં જાય? જ્યારે ભગવાન જુએ છે કે આ જીવે મારી શતપ્રતિશત પસંદગી કરી છે ત્યારે તેનો રાસલીલામાં પ્રવેશ થાય છે.

શરૂઆતથી જ રાસલીલાનો પ્રારંભ થતો નથી. ભગવાન પ્રારંભમાં તો ગોપીઓ સાથે અનેકવિધ દિવ્ય પ્રેમક્રીડાઓ કરી રહ્યા છે. આવું પરમ સદ્ભાગ્ય જોઈને ગોપીઓને પોતે સર્વશ્રેષ્ઠ હોવાનું અભિમાન થાય છે. અભિમાન તો અધ્યાત્મપથ પર બહુ મોટી બાધા છે. ભગવાન તો ભક્તમદહારી છે. પોતાના ભક્તને મદ થાય તો, તેને આ મદરૂપી બાધામાંથી મુક્ત કરવા માટે ભગવાન લીલા રચે છે. ભગવાન રાધિકાજી સાથે અંતર્ધાન થઈ જાય છે.

ગોપીઓ ભગવાનનાં પદચિહ્નોનું અનુસરણ કરીને ભગવાનને શોધે છે. જે ભક્ત ભગવાનનાં પદચિહ્નોને આધારે આધારે ભગવાન પાસે પહોંચવા પ્રયત્ન કરે છે, તે ભક્ત ભગવાન સુધી અવશ્ય પહોંચે, ભગવાન તેને સહાય કરે જ છે.

શ્રીમદ્ ભાગવતમાં શ્રીરાધાજીનો નામોલ્લેખ નથી, તેથી શ્રીમદ્ ભાગવતને માત્ર બુદ્ધિથી સમજવાનો પ્રયત્ન કરનાર અભક્ત વિદ્વાનો એમ માને છે કે શ્રીમદ્ ભાગવતમાં રાધાજીનો ઉલ્લેખ જ નથી. ખરેખર જોઈએ તો શ્રીમદ્ ભાગવતમાં રાધાજીનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને અબાધિત ઉલ્લેખ છે. જે વિશેષ પ્રિય ગોપીને ભગવાન પોતાની સાથે લઈ જાય છે, તે રાધાજી સિવાય બીજું કોણ હોઈ શકે? જેમના વાળમાં ભગવાન પુષ્પો ગૂંથે છે, જેમને પોતાના ખભે બેસાડવા ભગવાન તૈયાર થાય છે, તે રાધિકાજી સિવાય બીજું કોણ હોઈ શકે? અરે! રાધિકાજીના નામનો પણ આડકતરો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

अनया आराधितो नूनं... આ શ્લોકમાં 'आराधितो' પદમાં 'રાધા' શબ્દને ગૂંથી લેવામાં આવ્યો છે અને તે રીતે ભગવાન વ્યાસદેવ, આ વિશેષ ગોપી રાધિકાજી જ છે, તેવો સંકેત આપે છે.

રાધિકાજીને પણ 'માન' થાય તો ભગવાન તેમનાથી પણ અંતર્ધાન થઈ જાય છે. પછી રાધિકાજી સહિત બધી ગોપીઓ સાથે મળીને ભગવાનને પરમ પ્રેમપૂર્ણ પ્રાર્થના કરે છે, જે 'ગોપીગીત' તરીકે પ્રસિદ્ધ છે.

'ગોપીગીત' વિશ્વસાહિત્યનું અમર કાવ્ય છે. રાસપંચાધ્યાયી તો શ્રીમદ્ ભાગવતનું હૃદય છે જ, પરંતુ ગોપીગીત તો 'રાસપંચાધ્યાયી'નું પણ હૃદય છે. આ ગીતમાં ગોપીઓ પોતાના ભગવાન માટેના ઉદાત્ત અને પ્રગાઢ પ્રેમની અભિવ્યક્તિ કરે છે. આ પ્રેમગીતમાં ગોપીઓ ભગવાનને પ્રગટ થવા માટે, સાંનિધ્ય આપવા માટે કાકલૂદી કરે છે.

આ પ્રેમપૂર્ણ પ્રાર્થનામાં ભગવાને વ્રજવાસીઓને કયા કયા પ્રસંગે, કેવાં કેવાં જોખમમાંથી બચાવી લીધા તેનો ભાવપૂર્વક ઉલ્લેખ કરે છે. ગોપીઓ અનેક વાર ભગવાનને કહે છે કે શ્રીકૃષ્ણ માત્ર યશોદાનંદન જ નથી, તેઓ તો બ્રહ્માજીની પ્રાર્થનાથી વિશ્વના રક્ષણ માટે વ્રજમાં પ્રગટેલા પરબ્રહ્મ પરમાત્મા, સર્વાન્તર્યામી અને સર્વના સાક્ષી ભગવાન છે. ગોપીઓ ભગવાનને 'સખા અને 'પ્રિયતમ' ગણે છે, અને કહે છે, પરંતુ ગોપીઓ બરાબર જાણે છે કે તેમના સખા શ્રીકૃષ્ણ ભગવાન નારાયણના અવતાર છે. ગોપીગીતમાં ગોપીઓની આ જાણકારી અનેક સ્થળે વ્યક્ત પણ થાય છે.

ભક્ત ભગવાનને પોતાના 'સખા' માનીને પોતાની સમક્ષ પ્રગટ થવા પ્રાર્થના કરે તે પ્રાર્થના ગોપીગીત છે. ગોપીગીત વસ્તુતઃ પ્રત્યેક જીવ તરફથી થયેલી ભગવાન પ્રત્યેની ભાવનાનું ગીત છે. પ્રત્યેક જીવ પોતાના અંતરતમમાં તો ઇચ્છે જ છે કે ભગવાન પોતાની પાસે પ્રગટ થાય. જીવની આ સનાતન પ્રાર્થના છે અને તે પ્રાર્થનાનું ગીત તે ગોપીગીત છે.

જીવની કાકલૂદી, જીવની વ્યાકુળ પ્રાર્થના ભગવાન સાંભળે જ છે. આ પ્રાર્થનાના પ્રતિભાવરૂપે ભગવાન પ્રગટ થાય છે.

तासामाविरभूच्छौरिः..

*જોઈએ તેમની સમક્ષ ભગવાન પ્રગટ થયા...*

કોઈ પ્રેમી ભક્ત ભગવાનને અંતરતમથી પ્રાર્થના કરે અને ભગવાન તેની સમક્ષ પ્રગટે નહીં તેવું દૃષ્ટાંત વિશ્વના ઇતિહાસમાં શોધી શકાય તેમ નથી. હા, પ્રાર્થના શતપ્રતિશત સંનિષ્ઠ હોવી જોઈએ.

સાધકના જીવનમાં એવું વારંવાર બને છે કે ભગવાન આવે, આવે અને ચાલ્યા જાય. ભક્તના અધ્યાત્મપથ પર આ સંયોગ-વિયોગની, આ મિલન-વિરહની ગહનલીલા ચાલ્યા કરે છે. આમ શા માટે બને છે તેનો ખુલાસો પણ ભગવાન ગોપીઓ સમક્ષ અને તે રીતે સમસ્ત સાધકવર્ગ સમક્ષ કરે છે.

સંયોગ પ્રગાઢ બને તે માટે વિયોગનું મૂલ્ય છે. મિલન ગહન બને તે માટે વિરહનું મૂલ્ય છે. ભક્તની ચિત્તવૃત્તિ વિરહ દરમિયાન ભગવાનમાં જેટલી નિરંતર અને તીવ્રતર બને છે તેટલી નિરંતર અને એટલી તીવ્રતર મિલન દરમિયાન બનતી નથી. આમ હોવાથી ભક્તના ચિત્તને, હૃદયને પોતાના પ્રત્યે

એકનિષ્ઠ, દઢ અને સંનિષ્ઠ બનાવવા માટે, ભક્તના ભગવદ્‌પ્રેમને ઉચ્ચતમ ભૂમિકાએ પહોંચાડવા માટે ભગવાન ભક્તના જીવનમાં વિરહ અને વિયોગના ગાળા રચે છે. આમ કરીને ભગવાન ભક્તનું આધ્યાત્મિક કલ્યાણ જ સિદ્ધ કરે છે.

ભક્ત જ ભગવાનના પ્રેમ માટે લાલાયિત રહે છે તેવું નથી. ભગવાન પણ ભક્તના પ્રેમ માટે લાલાયિત રહે છે. ભક્તિમાં, ભગવદ્‌પ્રેમમાં એવું અપાર ચુંબકત્વ છે કે કોટિ બ્રહ્માંડના અધિપતિ ભગવાન પોતાના ભક્તોની આધીનતા સહર્ષ સ્વીકારી લે છે.

ગોપીઓના પ્રેમથી ભગવાન શ્રીકૃષ્ણ એટલા પ્રસન્ન થાય છે કે ભગવાન ગોપીઓને કહે છે, 'હે ગોપીઓ! તમારા પ્રેમનો બદલો હું અનંતકાળ સુધી ચૂકવું તો પણ ચૂકવી શકાય તેમ નથી. તમે જ ઉદારભાવે મને ઋણમુક્ત કરો તો જ હું તમારા ઋણમાંથી મુક્ત થઈ શકું તેમ છું.'

જુઓ! જુઓ! ભગવાનની ભક્તપરાયણતા! જુઓ ભગવાનની પ્રેમપરવશતા! જુઓ ભગવાનની પ્રેમ-ઉત્કંઠા!

ગોપીઓ ભગવાન પાસે પોતાની દુર્જર ગેહશૃંખલા તોડીને પહોંચી છે, પરંતુ જ્યાં સુધી જીવ સર્વ પ્રકારનાં પાપ અને પુણ્યમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી તે જીવનો રાસલીલામાં પ્રવેશ થતો નથી. ગોપીઓ પાપ-પુણ્યમાંથી પણ મુક્ત થઈ છે. કેવી રીતે? ભગવત્‌વિરહ તાપથી ગોપીઓનાં સર્વ પાપો બળી ગયાં છે અને ભગવત્‌ ધ્યાનના આનંદથી ગોપીઓનાં સર્વ પુણ્યો પણ બળી ગયાં છે. ગોપીઓ પાપ-પુણ્યથી સર્વથા મુક્ત બનીને પરમવિશુદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે તેથી રાસલીલા માટે અધિકારી બને છે.

આટલી ભૂમિકા પછી રાસલીલાનો પ્રારંભ થાય છે.

રાસપંચાધ્યાયીના પ્રથમ શ્લોકનો પ્રથમ શબ્દ 'ભગવાન' છે. તેના દ્વારા એમ સૂચિત કરવામાં આવે છે કે આ રાસપંચાધ્યાયીમાં વર્ણિત લીલા ભગવદ્‌લીલા છે, સામાન્ય પ્રાકૃતજનોની લીલા નથી. આ લીલામાં બાહ્ય દષ્ટિએ વિચારીએ તો થોડું શૃંગારિક વર્ણન જોવા મળે છે, પરંતુ આ લૌકિક શૃંગાર નથી, કારણ કે આ લીલાનાં પાત્રો સામાન્ય લોકો નથી. ભાષા લૌકિક છે, કારણ કે દિવ્ય ભાવના વર્ણન માટે પણ ભાષા તો લૌકિક જ વાપરવી પડે છે, પરંતુ ભાષા દ્વારા

જેનું વર્ણન છે તે દિવ્ય મધુરભાવનું વર્ણન છે. આ રાસપંચાધ્યાયીના પાઠનો અને રાસલીલાના ચિંતનનો અધિકાર વૈરાગ્ય-સંપન્ન પ્રેમીભક્તોને જ છે, કામી પુરુષોનો તેમાં પ્રવેશ પણ નથી, અને અધિકાર પણ નથી.

આ રાસપંચાધ્યાયીમાં માત્ર રાસલીલાનું જ વર્ણન નથી. અહીં વંશીધ્વનિ, ગોપીઓનો અભિસાર, કૃષ્ણ-ગોપી સંવાદ, દિવ્યરમણ, રાધાજી સાથે અંતર્ધાન, ગોપીગીત, પુનઃ પ્રાગટ્ય, ગોપીઓએ આપેલા વસ્ત્ર પર બિરાજવું, ગોપીઓના કૂટપ્રશ્નનો ઉત્તર, રાસનૃત્ય, જળકેલિ, વનવિહાર - આટલી લીલાઓનું વર્ણન છે. આ બધી લીલાઓની પ્રધાન અને કેન્દ્રસ્થ લીલા રાસલીલા છે, અન્ય લીલાઓ આનુષંગિક છે, તેથી આ સમસ્ત લીલાઓ માટે 'રાસલીલા' શબ્દનો પ્રયોગ થાય છે.

રાસલીલા પરમ અંતરંગલીલા છે. ભગવાન શ્રીકૃષ્ણની નિજસ્વરૂપભૂતા મહાભાવરૂપા આહ્‌લાદિની શક્તિ શ્રીરાધાજી અને તેમની કાયવ્યૂહરૂપા દિવ્ય પ્રેમમયી ગોપાંગનાઓ સાથે ભગવાન કૃષ્ણની રસમયી લીલા તે રાસલીલા છે. 'રાસ' શબ્દનું મૂળ 'રસ' છે. 'રસ' સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ છે. रसो वै सः । જે દિવ્ય ક્રીડામાં એક જ રસ અનેક રસોનાં સ્વરૂપો ધારણ કરીને અનંત રસોનું સમાસ્વાદન કરે, એક જ રસ રસસમૂહના રૂપમાં પ્રગટ થઈને પોતે જ આસ્વાદ-આસ્વાદક, લીલા, ધામ, વિભિન્ન આલંબન અને ઉદ્દીપનના રૂપમાં ક્રીડા કરે તેનું નામ 'રાસ' છે, જેમાંથી 'રસ' નિષ્પન્ન થાય તેવી સાત્ત્વિકી ક્રીડા તે જ રાસ છે.

ભગવાનની આ લીલા લીલામય ભગવાનનું જ સ્વરૂપ છે. ભગવાનની આ દિવ્ય લીલા ભગવાનના દિવ્યધામમાં નિત્ય-નિરંતર થયા જ કરે છે. ભગવાનની વિશેષ કૃપાથી પ્રેમી સાધકોના હિત માટે તે લીલા ક્યારેક ભૂમંડલ પર અવતીર્ણ થાય છે. આ અવતીર્ણ થયેલી દિવ્ય રાસલીલા તે જ વૃંદાવનમાં ગોપીઓ સાથે થયેલી ભગવાનની રાસલીલા છે.

આ સૃષ્ટિની ઉત્પત્તિ જ રસનિષ્પત્તિ માટે થઈ છે.

*'વિવિધ રચના કરી અનેક રસ લેવાને,*
*શિવ થકી જીવ થયો એ જ આશે.'*

આમ આ સમગ્ર અસ્તિત્વ રાધાકૃષ્ણની રાસલીલા જ છે. વૃંદાવનની રાસલીલા આ અસ્તિત્વગત શાશ્વત્ રાસલીલાનું જ ઘનીભૂત સ્વરૂપ છે.